જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૧/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૦૧ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૦૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૨૦૩/૧૬

**સોલા હાઇકોર્ટઃ** મનોજભાઇ બાબુભાઇ વછેટા (રહે. વિશ્વાસ સીટી-૧ શાયોના સીટી સામે આર.સી. ટેકનીકલ રોડ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૧૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૭/૧૧/૧૬ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન આર.સી.ટેકનીકલ રોડ શાયોના સીટી કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની શકીત મોબાઇલ નામની દુકાનના પતરા તોડી અને શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમા પ્રવેશ કરી, દુકાનમાંથી ઇન્ટેક્ષ કંપનીના જુદા-જુદા મોડલના મોબાઇલ ફોન નંગ-૮ કિંમત રૂપિયા ૩૦,૭૯૮/- અને રોકડ રૂપીયા ૧૮,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૨૯૮/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ધુળાભાઇ ચલાવે છે.

**નરોડાઃ** રાજદિપસિંહ ભગીરથસિંહ જાડેજા (રહે.સારથી બંગ્લોઝ ૧૦૮ ની સામે કઠવાડા રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ઘડીયાળ, કેમેરો અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૪/૧૬**

**બાપુનગરઃ** જમાતઉલ્લા મોહમદહુસેન પઠાણ (રહે. મણીલાલ મથુરદાસની ચાલી પન્ના એસ્ટેટ રોડ બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૧/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાથી તા.૨૭/૧૧/૧૬ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડીડી ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૨૦૫/૧૬**

**વસ્ત્રાપુરઃ** સાવીત્રીબેન વા/ઓ વિનોદકુમાર દીક્ષીત (રહે,આમ્રપાલી-૩ શ્રધ્ધા પેટ્રોલપંપ પાસે બોડકદેવ) તા.૨૭/૧૧/૧૬ સાંજનાં ૭/૧૫ વાગ્યાનાં સુમારે મધર ડેરીથી આમ્રપાલી-૩ તરફ જતાં, પ્રવાહ એપાર્ટમેન્ટ નજીકથી પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક લાલ રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ સાવીત્રીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સાવીત્રીબહેન દીક્ષીતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.સરવૈયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૦૬/૧૬**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ**(૧) ફૈઝાનમહંમદ દિનમહંમદ શેખ (ઉ.વ.૪૬) (રહે. શનાનગર સદાની ધાબી પાછળ, કેનાલ રોડ વટવા) એ કોઈ કારણસર તા.૨૬/૧૧/૧૬ રાતના ૮/૫૫ વાગ્યા પહેલાના કોઈપણ સમયે એલીસબ્રીજ નીચે સીડી નંબર-૩૭ નજીક પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** (૨) શૈલેષભાઈ ગાંડાજી ઠાકોર (ઉ.વ.૪૬) (રહે. ભગવતીનગર રો હાઉસ જીવરાજ પાર્ક) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૧/૧૬ કલાક ૯/૫૫ વાગ્યા પહેલાના કોઈપણ સમયે વાસણા બેરેજ રેમ્પ નંબર-૪ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** કમુબહેન જસુભાઇ પરમાર (ઉ.વ.૪૫) (રહે.શિવશક્તિનગર શાહપુર દરવાજા બહાર માધવપુરા) એ કોઈ કારણસર તા.૨૬/૧૧/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૧/૧૬ કલાક ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધર્મેદ્રસિહ પ્રવિણસિહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)